જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૧૨/૨૦૨૧ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૩૨૨/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૧/૧૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૮	૦	૧૧૭૩૮	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૫	૦	૧૨૫	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૫૦૮૧	૨૭	૭૫૧૦૮	૭૬૧૯૩	૨૮	૭૬૨૨૧
કુલ		૯૧૬૭૭	૨૭	૯૧૭૦૪	૧૦૦૭૨૦	૨૮	૧૦૦૭૪૮

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૨	૬,૮૮,૨૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૨૮	૨,૨૮,૦૦૦/-

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૩૨૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૮૯ લીટર દેશી દારૂ, ૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૯ બિયર ટીન અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯,૩૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૩૨૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૨૩૨૫/૨૦૨૧**

વટવા જી.આઇ.ડી.સીઃ કેયુર સુર્યકાન્ત દરજી (ઉ.વ.૨૬) (રહે.જયશ્રી શોપીંગ સેન્ટર વિમલા હોસ્પીટલ સામે પુનીતનગર ક્રોસિંગ પાસે વટવા જીઆઈડીસી રોડ) એ તા.૨૧/૧૨/૨૦૨૧ ના રોજ વટવા જી.આઇ.ડી.સી. પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૨/૨૦૨૧ થી તા.૧૭/૧૨/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઇલ નંબર +૮૫૫ ૩૧૯૨૪૧૫૦૬ ના ધારકે કેયુર દરજીના મોબાઇલમાં https;//bit.ly/3DU6NCb-GOPGAU લીંક મોકલી કેયુર દરજીને લોન મંજુર થઈ છે તેમ જણાવી વિશ્વાસમા લઈ લીંકમાં ફોર્મ મોકલી ફોર્મમાં પર્શનલ માહીતી માંગી પ્રોસેસ કરાવડાવી માહીતી મેળવી લઇ કેયુર દરજીને લોનની પ્રોસેસીંગ ચાર્જ પેટે અલગ-અલગ રકમ મળી કુલ રૂપિયા ૨,૧૭,૬૫૦/- ઓનલાઈન ટ્રાન્સફર કરાવી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી.એલ.ડી.આડેદરા લાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૨૩૨૬/૨૦૨૧**

નિકોલઃ રમેશભાઈ કરશનભાઈ બાવીસી (રહે.વલ્લભ બંગ્લોઝ બેટી બચાવો મેદાન પાછળ નવા નિકોલ) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૧૨/૨૦૨૧ રાતના ૮/૩૦ થી તા.૨૧/૧૨/૨૦૨૧ સવારના ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નિકોલ લીલાનગર સર્વોદય કોમ્પલેક્ષમાં આવેલ પલાશ ઈલેકટ્રીકસ નામની પોતાની દુકાનનુ શટર ઉંચુ કરી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી ૨૪૫ કિલોગ્રામ કોપર સ્ક્રેપ કિમત રૂપિયા ૧,૭૧,૫૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.ખાટ લાવે છે.

વાહન ચોરી:- **સમાચાર યાદી નં.૨૩૨૭/૨૦૨૧**

સોલા હાઇકોર્ટઃ વિષ્ણુભાઇ સાંકળચંદ પટેલ (રહે.વિધાતા સોસાયટી કે.કે.નગર રોડ ઘાટલોડીયા) એ તા.૧૭/૧૨/૨૦૨૧ રાતના ૧૧/૦૦ વાગે સોલા આસ્થા હોમ્સ ફલેટની નજીક પોતાની ઇક્કો ગાડી નંબર જીજે.૦૧.ડબ્લ્યુબી.૭૬૦૭ કિમત રૂપિયા ૬,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૮/૧૨/૨૦૨૧ સવારના ૯/૩૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ વિષ્ણુભાઇ પટેલે તા.૨૧/૧૨/૨૦૨૧ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એલ.જાદવ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.